# પાવન અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન

શ્રીનગર,તા. ૨

વાર્ષીક અમરનાથ યાત્રા આજે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. આની સાથે જ તંત્રને મોટી રાહત થઈ હતી. આ વખતે અમરનાથ યાત્રા દરમિયાન કોઈપણ આતંકવાદી હુમલો થઈ શક્યો ન હતો. જો કે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના જુદી જુદી બિમારીઓના કારણે મોતના કારણે આ વખતે અમરનાથ યાત્રાની નોંધ સુપ્રીમ કોર્ટે પણ લીધી હતી. ૩૯ દિવસ સુધી ચાલેલી અમરનાથ યાત્રાની આજે પુર્ણાહુતી થઈ હતી. દક્ષિણ કાશ્મીરમાં ૧૩૫૦૦ ફુટની ઉંચાઈએ સ્થિત અમરનાથ ગુફામાં શિવલીંગના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓનો ધસારો જોવા મળ્યો હતો. શરૂઆતના દિવસોમાં પ્રતિકુળ હવામાન હોવા છતાં આની કોઈ ચિંતા શ્રદ્ધાળુઓએ કરી ન હતી. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વોરા આજે છડી મુબારકની પરંપરાગત વીધીમાં હાજરી આપી હતી. સ્વામી દિપેન્દ્રગીરીના નેતૃત્વમાં વિશેષ પુજા ભગવાનશ્રીની યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. વોરા શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડના ચેરમેન પણ છે. પંચતારીણીની ખાતે રાત્રી રોકાણ બાદ છડી મુબારક આજે વહેલી સવારે ગુફામાં પહોંચતા શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. હિન્દુઓના મોટા તહેવાર રક્ષાબંધનના દિવસે અમરનાથ યાત્રા પુરી થઈ હતી. આ વખતે ૬.૨૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ગુફામાં કુદરતી રીતે બનતા બરફના શિવલીંગના દર્શન કર્યા હતા. આ વખતે અમરનાથ યાત્રીઓને ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં સેના, અર્ધલશ્કરી દળો અને પોલીસની રીંગ હતી. આ વર્ષે અમરનાથ યાત્રા દરમિયાન કોઈપણ આતંકવાદી હુમલો થઈ શક્યો ન હતો. શ્રદ્ધાળુઓના મોત કુદરતી કારણોસર થયા હતા. સુપ્રીમ કોર્ટે શ્રદ્ધાળુઓના મોત મામલે નોંધ લીધી હતી અને શ્રદ્ધાળુઓ માટે આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અમરનાથ બોર્ડને સુચના આપી હતી. આ વર્ષે અમરનાથ યાત્રા દરમિયાન ૯૫ શ્રદ્ધાળુઓના મોત થયા હતા.

**અમરનાથ યાત્રા........**

અમરનાથ યાત્રા આજે શાંતિપૂર્ણ રીતે પરિપૂર્ણ થઈ હતી. અમરનાથ યાત્રાનું ટૂંકમાં સંપૂર્ણ ચિત્ર નીચે મુજબ છે.

| | |
|---|---|
| અમરનાથ યાત્રા શરૂ થઈ | ૨૫મી જૂન |
| અમરનાથ યાત્રા પુરી થઈ | ૨જી ઓગસ્ટ |
| શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા | ૬.૨૦ લાખ |
| માર્ગ અકસ્માતમાં મોત થયા | ૪૨ |
| તબીબી કારણોસર મોત થયા | ૮૮ |
| કુલ શ્રદ્ધાળુઓનાં મોત થયા | ૧૩૦ |

માંદગીના કારણે મોટાભાગના શ્રદ્ધાળુઓના મોત થયા હતા. કેટલાકના મોત હાર્ટ અટેક, શ્વાસ લેવાની તકલીફના કારણે થયા હતા. ભોગ બનેલાઓમાં ૮૭ શ્રદ્ધાળુઓ, બે નાગરિકો સહાયક શ્રદ્ધાળુઓ, પાંચ સાધુ-સંતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૩૧ શ્રદ્ધાળુઓના મોત માર્ગ અકસ્માતોમાં થયા હતા. ત્રણના મોત



સ્થાનિક હોટલમાં રોકાણ દરમિયાન કુદરતી કારણોસર થયા હતા. અમરનાથ યાત્રાને સ્થાનિક મુસ્લિમોનો મજબુત ટેકો મળ્યો હતો. સેંકડો મુસ્લિમો જુદી જુદી રીતે સક્રિય રહ્યા હતા. ૩૯ દિવસ સુધી ચાલેલી અમરનાથ યાત્રામાં આ વખતે કુદરતી કારણો સર અને માર્ગ અકસ્માતોમાં મળીને ૧૩૦ શ્રદ્ધાળુઓનાં મોત થયા હતા. ૮૮ શ્રદ્ધાળુઓના મોત તબીબી કારણો સર થયા અને ૪૨ નાં મોત માર્ગ અકસ્માતોમાં થયા હતા. આ વર્ષની અમરનાથ યાત્રા અંગે રાજ્યપાલે સંકોચની લાગણી વ્યક્ત કરી છે. યાત્રાની શરૂઆત પહેલા ઘણાં સપ્તાહ સુધી હિમવર્ષા અને તીવ્ર ઠંડીની સ્થિતી હતી. વોરાએ આ વર્ષની યાત્રા દરમિયાન તબીબી કારણોસર ૮૮ શ્રદ્ધાળુઓના મોત અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી. છડી મુબારક સાથે આજે સવારે ૧૦૦થી વધુ સંતો ગુફામાં પહોંચ્યા હતા. પરંપરાગત પુજા વીધિ ત્યારબાદ ગુફામાં કરવામાં આવી હતી.

## ભારતને મોટો ફટકો : બોક્સર જય ભગવાનની પણ હાર થઈ

લંડન, તા. ૨

ઓલિમ્પિક રમોત્સવમાં ભારતનો કંગાળ દેખાવનો દોર આજે પણ યથાવત રીતે જારી રહ્યો હતો. બોક્સર જયભગવાન લાઈકવેટ પ્રીક્વોટર ફાઈનલમાં હારી ગયો હતો. પુરૂષોની લાઈટવેટ ૬૦ કિલોગ્રામ કેટેગરીમાં જયભગવાન પાસેથી સારી અપેક્ષા રાખવામાં આવેલી હતી પરંતુ તે કજાકના હરિફ ગનીજેલાવ સામે ૮-૧૬થી હારી ગયો હતો. બીજી બાજુ નિરાશાજનક દિવસના દોર વચ્ચે ભારતને હજુ પણ આશા રહેલી છે. ભારતને આજે ડબલટ્રેપમાં પણ નિરાશા હાથ લાગી હતી કારણ કે આશાસ્પદ ખેલાડી અને ડબલટ્રેપ શુટર રોન્જન શોઢી



ફેંકાઈ ગયો હતો. આજે રોયલ આર્ટીલરી બેરેક ખાતે ક્વોલીફીકેશનમાં સોઢી ૧૧માં ક્રમાંકે રહ્યો હતો. સોઢીએ ૪૮, ૪૪ અને ૪૨ પોઈન્ટ પ્રથમ ત્રણ રાઉન્ડમાં મેળવ્યા હતા. સોઢીનો સ્કોર ૧૩૪ રહ્યો હતો. સોઢીને દેખાવ પ્રથમ રાઉન્ડમાં સારો રહ્યો હતો. પરંતુ ત્યારબાદ બીજા અને ત્રીજા સેટમાં તેનો દેખાવ કંગાળ રહ્યો હતો. ફાઈનલ રાઉન્ડ માટે ટોચના આઠ શુટરો ક્વોલીફાઈ થઈ ગયા છે. હોકી, બેડમિન્ટનમાં પણ ભારતનો કંગાળ દેખાવ રહ્યો છે. શુટર વિજયકુમાર ૨૫ મિટરની રેપીડ ફાયર પિસ્તોલમાં બીજા ક્રમાંકે રહ્યો હતો. ચીને આજે પણ ઓલિમ્પિકમાં વર્ચસ્વ જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. જ્યારે બીચ વોલીબોલ પુલ-એમાં બ્રાઝીલે પુરૂષોના વર્ગમાં ઈટાલી પર ૨-૦થી જીત મેળવી હતી. સાઈના નહેવાલની આશા હજી પણ અકબંધ રહી છે. સાઈન નહેવાલની મેચ જોવા માટે ચાહકો ઉત્સુક દેખાઈ રહ્યા છે. બીજીબાજુ વિજયકુમાર પણ આશાવાદી છે. કૌભાંડમાં ફસાયા બાદ ચીનની બેડમિન્ટન ખેલાડી યુ યાંગે બેડમિન્ટન સાથે છેડો ફાડી લીધો છે.

# ટીમ અણ્ણાએ એક રાજકીય પાર્ટી બનાવવા આપેલ સંકેત

નવી દિલ્હી, તા. ૨

મજબુત લોકપાલને લઈને ટીમ અણ્ણાના અનશન આજે નવમાં દિવસે જારી રહ્યા હતા. અણ્ણા હજારે સિવાય અરવિંદ કેજરીવાલ, ગોપાલરાય અને મનિષ સિસોદિયા અનશન કરી રહ્યા છે. જો કે સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે અને તેમની ટીમ આવતીકાલે સાંજે પાંચ વાગે અનશન સમાપ્ત કરી દેશે. સાંજે પાંચ વાગે અનશનની પુર્ણાહુતી કરવાની અણ્ણાએ આજે જંતરમંતર પર મંચ પર ઘોષણા કરી કરી હતી. ટીમ અણ્ણાએ રાજકીય પાર્ટી બનાવવાના પણ સંકેત આપ્યા છે. ટીમ અણ્ણાએ આ મુદ્દે લોકો પાસેથી બે દિવસમાં અભિપ્રાય માંગ્યા છે. જો કે અણ્ણાએ જંતરમંતર પર પોતાના પ્રશ્નો પણ રજુ કર્યા હતા. અણ્ણાએ કહ્યું હતું કે જો વિકલ્પ આપવાની યોજના છે કે તો આ તમામ પ્રશ્નો પર વિચારણા જરૂરી રહેશે. અણ્ણાએ એમ પણ કહ્યું હતું કે તેઓ પેતો ચુંટણી મેદાનમાં




ઉતરશે નહીં પરંતુ દેશને એક યોગ્ય રાજકીય વિકલ્પ આપવા ઉપર ચોક્કસ પણ વિચારણા કરશે. અણ્ણાએ જાહેરાત કરી હતી કે જો યોગ્ય દિશામાં આગળ વધીશું તો જે કામ ૬૫ વર્ષમાં થયું નથી તે કામ ત્રણ વર્ષમાં થશે. જંતરમંતર પર ટીમ અણ્ણાના અનશન આજે નવમા દિવસે પણ જારી રહ્યા હતા. જો કે આ વખતે ટીમ અણ્ણાના અનશનને મજબુત ટેકો મળી રહ્યો ન હતો. આજે બપોરથી જ એવા સંકેત મળી રહ્યા હતા કે અનશન તોડવા માટેની કોઈ જાહેરાત થઈ શકે છે. વિકલ્પ આપવા અને રાજકીય પાર્ટી બનાવવાની શક્યતા શરૂ થઈ ગઈ હતી. આ દરમિયાન અણ્ણા હજારેએ મંચ ઉપર કહ્યું હતું કે શુક્રવારે સાંજે પાંચ વાગે અનશન તોડી દેવામાં આવશે. આ અગાઉ ટીમ અણ્ણાના સમર્થનમાં જંતરમંતર પહોંચેલા અમુપમ ખેરે ૨૩ જાણીતા લોકો દ્વારા આંદોલનના સમર્થનમાં લખવામાં આવેલા પત્રનો ઉલ્લેખ કર્યો હતો. આ પત્રમાં ટીમ અણ્ણાને અનશન તોડીને નવા વિકલ્પ ઉપર વિચારણા કરવા અપીલ કરવામાં આવી હતી. પત્ર લખનારમાં જનરલ વીકે સિંહ, પૂર્વ ચીફ જસ્ટીસ વીઆર કૃષ્ણ અયૈરનો સમાવેશ થાય છે. અનુપમ ખેરે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવા દરેકનો અધિકાર છે. આ આંદોલનનો લોકો સુધી પહોંચાડવામાં આવે તે જરૂરી છે. અનુપમ ખેરે અણ્ણા ટીમને મજબુત ટેકો આપ્યો હતો. અણ્ણાએ કહ્યુ હતું કે ચાર લાખ ગામોની પંચાયત ભ્રષ્ટાચારમાં નહીં પડે તેવી જાહેરાત કરે તો નવી આશા જાગી શકે છે. જો ત્રણ લાખ ગ્રામ સભાઓ લાંચ નહીં લેવાની વાત કરશે તો તેઓ પોતે નિકળી પડશે.

## ડીઝલ, ગેસ અને કેરોસીનમાં ભાવ વધારો કરવા હિલચાલ

નવી દિલ્હી, તા. ૨

તીવ્ર મોંઘવારીનાં કારણે સામાન્ય લોકો પરેશાન છે ત્યારે ડીઝલ, રાંધણગેસ અને કેરોસીનની કિંમતમાં ભાવ વધારો ઝીંકવાની પણ હિલચાલ હાથ ધરવામાં આવી છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી બાદ નિર્ણય થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. આગામી સપ્તાહે દેશના ૧૪મા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે ત્યારબાદ ડીઝલ-રાંધણગેસ અને કેરોસીનમાં કેન્દ્ર સરકાર ભાવવધારો ઝીંકે તેવી શક્યતા છે. હાલ ત્રણેય પેટ્રોલિયમ પેદાશોની કિંમત વધારવા અંગે સંબંધિત મંત્રાલયમાં ઉચ્ચ સ્તરે ચર્ચા વિચારણા થઈ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના એક નેતાઓનો વર્ગ ભાવવધારો સંસદના ચોમાસુ સત્ર બાદ કરવા સૂચન કરી રહ્યું છે. જ્યારે સરકારમાં સામેલ નેતાઓ હાલના તબક્કે ભાવવધારો કરવા સૂચન કરી રહ્યું છે. દરમ્યાન પેટ્રોલિયમ મંત્રી જયપાલ રેડ્ડીએ કહ્યું હતું કે, પ્રણવ મુખર્જી એ રાષ્ટ્રપતિ બનવા નાણામંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. જેના પગલે પેટ્રોલિયમ પેદાશોના ભાવ નક્કી કરતી મંત્રીઓના જૂથની સમિતિ રદ કરી દેવા છે. હવે આ અંગે કેન્દ્રીય કેબિનેટની સમિતિ નિર્ણય કરશે. જો કે આ મુદ્દો




ક્યારે ચર્ચા પર લેવાશે તેનો કોઈ જવાબ રેડ્ડીએ આપ્યો ન હતો. રેડ્ડીએ વધુમાં કહ્યું હતું કે, રાજકીય બાબતોને લગતી કેન્દ્રીય મંત્રીઓની સમિતિ સમક્ષ આ મુદ્દો ચર્ચવામાં આવશે. અત્રે એ નોંધનીય છે કે ગત વર્ષની ૨૫મી જૂનથી ડીઝલ, રાંધણગેસ અને કેરોસીનના ભાવ વધારાયા નથી. બીજી બાજુ આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડના ભાવ વધી રહ્યાં છે. જ્યારે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે નબળો પડી રહ્યો છે. પેટ્રોલીયમ પેદાશોના ભાવ ન વધે તો સરકારી તેલ કંપનીઓને વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ૧,૬૦,૦૦૦ કરોડની ખોટ થવાની દહેશત છે.

# પુણે બ્લાસ્ટ બાદ ઊંડી તપાસ અને દરોડાનો દોર

પૂણે,તા. ૨

પુણેમાં ઓછી તીવ્રતાના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ બાદ આજે બીજા દિવસે પણ સતત ઉંડી ચકાસણી જારી રહી હતી. શંકાસ્પદ સ્થળો ઉપર ગુપ્ત રીતે તપાસ ચલાવવામાં આવી હતી. ઘણી જગ્યાઓએ દરોડા પણ પાડવામાં આવ્યા હતા. બ્લાસ્ટના કલાકો બાદ પણ હજુ સુધી પોલીસને કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. આ મામલામાં ચકાસણી માટે જુદી જુદી સંસ્થાઓને રોકી દેવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ સચિવ આરકે સિંહે કહ્યું છે કે બ્લાસ્ટમાં આતંકવાદી ગતીવિધીઓની શક્યતાને નકારી શકાય નહીં. કારણ કે ૪૫ મિનિટના ગાળામાં ૫૦૦ મિટરની હદમાં બ્લાસ્ટ કરવાની બાબત આયોજનપુર્ણ લાગે છે. જ્યાં બ્લાસ્ટ થયા નથી તે જગ્યાએ પણ તપાસ કરવામાં આવી છે. દરમિયાન નવા ગૃહમંત્રી સુશીલકુમાર શિન્દેએ ઉચ્ચસ્તરીય મિટિંગ યોજી હતી. પેટ્રોલિંગની પ્રવૃતિની તીવ્ર બનાવી દેવામાં આવી હતી.પુણેમાં એક બીજાથી થોડાક મીટરના અંતેર બોમ્બ મુકીને ગઈકાલે બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. બ્લાસ્ટના એક દિવસ બાદ મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન આરઆર પાટીલે કહ્યુ હતું કે ઓછી તીવ્રતાના આ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ બાછળ કોઈ આતંકવાદી સંગઠનનો હાથ છે કે કેમ તેને લઈને તમામ એંગલથી સુરક્ષા સંસ્થાઓ તપાસ કરી રહી છે. મહારાષ્ટ્ર એટીએસ, સિટી ક્રાઈમબ્રાન્ચ અને કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા યોગ્ય તપાસ



કરી લેવામાં આવ્યા બાદ જ આમા આતંકવાદીઓનો હાથ છે કે કેમ તે અંગે માહિતી મેળવી શકાશે. પુણેમાં જેએમ રોડ પર ચાર બ્લાસ્ટની જગ્યાની મુલાકાત લીધા બાદ પાટીલે આ મુજબની વાત કરી હતી. ગઈકાલે મોડી સાંજે પુણેમાં અતિ વ્યસ્ત રહેતા જેએમ રોડ ખાતે ઓછી તીવ્રતાના બ્લાસ્ટ થયા હતા. આ બ્લાસ્ટ જગલી મહારાજ રોડ ખાતે થયા હતા. જે જગ્યાએ બ્લાસ્ટ થયા હતા તેમાં બાલગંધર્વ થિયેટર, દેના બેંકની શાખા, મેકડાનાલ્ડ આઉટલેટ અને ગરવારે બ્રીજનો સમાવેશ થાય છે. આતંકવાદી કૃત્ય હોઈ શકે છે કે કેમ તે અંગે પુછવામાં આવતા પ્રધાને કહ્યું હતુ કે તમામ એંગલથી તપાસ ચાલી રહી છે. હાલમાં ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. પોલીસે સાવચેતીના તમામ પગલા લીધા છે. અફવાઓ તરફ ધ્યાન ન આપવા તથા તેમની નિયમિત પ્રવૃતિને આગળ વધારવા લોકોને અપીલ કરવામાં આવી છે.

## આમીરે શમ્મી કપૂરનું જેકેટ ૮૮,૦૦૦માં ખરીદી લીધું


નવી દિલ્હી, તા. ૨

સુપરસ્ટાર આમિરખાન અને તેની પત્ની કિરણરાવે પ્રથમ એશિયન -સિનેફેન હરાજીમાં ફિલ્મો સંબોધી યાદગાર વસ્તુઓ માટે ૨,૩૮,૦૦૦ રૂપિયાની સફળ બોલી લગાવી હતી. જેમાં શમ્મીકપૂરના ૮૮૦૦૦ના રૂપિયાનું જેકેટ પણ સામેલ છે. રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં એશિયન ફિલ્મ ફેસ્ટીવલના ભાગરૂપે ગઈકાલે હરાજી યોજવામાં આવી હતી. આ હરાજીમાં ૬૯.૫૫ લાખ રૂપિયાના વેચાણ અને ૮૬ ટકા વસ્તુઓનું વેચાણ થતાં સૌથી મોટી સફળતા મળી હતી. ગુડગાંવ આધારિક કિંગડમ ઓફ ડ્રીમ્સે પોતાના નવા સંગીતમય કાર્યક્રમ ઝેમરુ માટે કિશોરકુમારની અવાજમાં રેકોર્ડ કરેલ તેમના અંતિમ ગીતો માટે ૧૫.૬ લાખ રૂપિયાની સફળ બોલી લગાવી હતી. આ હરાજીમાં અન્ય કલાકૃતિમાંની સાથે જૂના અને દુર્લભ પોસ્ટર, શો કાર્ડ, ગીતોના ચાર પુસ્તકો પણ સામેલ હતા. જેમાં એવરગ્રીન દેવઆનંદના હસ્તાક્ષરવાળી ૪૫ બ્લેક એન્ડ વ્હાઈટ ફોટા મુખ્ય આકર્ષણ હતું. ૧૯૬૦ના દાયકાના સત્યજીત રે ની ડિઝાઈનની દુર્લભ ફિલ્મી પોસ્ટર, મુઝફફર અલીની ફિલ્મ ઉમરાવજાનમાં ફારૂખ શેખ દ્વારા પહેરવામાં આવેલ ચાંદીનો ફિરોમ અંગૂઠો સેટ અને ફિલ્મ લેગાનમાં આમિરખાન અને તેમની ટીમના હસ્તાક્ષરવાળું ક્રિકેટ બેટ પણ સામેલ હતું. ફિલ્મ આન, મધર ઈન્ડિયા, દિલ દિયા દર્દ લિયા, લીડર, હમરાજ, જંજીર, આનમિલો સમજનાની દુર્લભ તસવીરો અને ફિલ્મ જંગલીમાં શમ્મીકપુરે પહેરેલો સ્કાર્ફ પણ સામેલ છે. રાજેશ ખન્નાની પ્રથમ ફિલ્મ આરાધના, અંદાજના પોસ્ટર પણ સારી કિંમતમાં વેચાયા.

# મોઈલી અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓને મળવા ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૨

વધારાના ચાર્જ તરીકે ઉર્જા મંત્રાલયનો હવાલો સંભાળી ચુકેલા કોર્પોરેટ બાબતોના પ્રધાન વિરપ્પા મોઈલીએ કહ્યુ છે કે તેઓ છઠ્ઠી ઓગસ્ટના દિવસે ગ્રીડ કોલેપ્સ દ્વારા અસર પામેલા રાજ્યોના મુખ્યમત્રીઓ સાથે વાતચીત કરશે. વિરપ્પા મોઈલી ઉત્તરી રાજયોના મુખ્યમંત્રીઓને મળીને આવી સમસ્યા ફરી ન સર્જાય તે માટે પ્રયાસ કરશે. વિરપ્પા મોઈલીએ હાલમાં જ વીજળી મંત્રાલયનો વધારોનો હવાલો પોતાના હાથમાં લીધો છે. રાજ્યો દ્વારા તેમની મર્યાદા કરતા વધારે વીજળીનો



ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેવા આક્ષેપો બાદ આ મિટિંગ બોલાવવામાં આવી છે કે કેમ તે અંગે પુછવામાં આવતી મોઈલીએ સીધો જવાબ આપ્યો ન હતો. હાલમાં એવા આક્ષેપો થયા છે કે કેટલાક રાજ્યો તેમની મર્યાદા કરતા વધુ વીજળી જુદા જુદા વિસ્તારોમાંથી ખેંચી રહ્યા છે જેના લીધે આ વીજ કટોકટી સર્જાઈ હતી. વધુ વીજળી લેવાના કારણે આ સ્થિતિ સર્જાયાની વાત હાલમાં આવ્યા બાદ આને લઈને પણ દેશભરમાં ભારે ચર્ચા છે. વિરપ્પા મોઈલીએ કહ્યુ હતું કે હાલના તબક્કે અમે ઓવરલોડિંગ અથવા તો અન્ય કોઈ કારણસર કોઈ રાજ્ય ઉપર દોષારોપણ કરવા ઈચ્છતા નથી. સમસ્યાનો ઉકેલ આવે તે જરૂરી છે. રાજ્યના સહકાર વગર અને કેન્દ્રની મદદ વગર કોઈપણ સમસ્યાનો ઉકેલ આવી શકશે નહીં. મોઈલીએ ખાતરી આપી હતી કે આવા બનાવો હવે ન બને તે માટે તમામ પગલા લેવાશે. છેલ્લા બે ત્રણ દિવસમાં વીજ કટોકટીને લઈને જે પણ સમસ્યા સર્જાઈ છે તે ખૂબ જ ચિંતાજનક છે. તેમની ખાતરીમાં લોકોએ શા માટે વિશ્વાસ કરવો જોઈએ તે અંગે પુછવામાં આવતા મોઈલીએ કહ્યું હતું કે લોકો અન્ય કરતા અમારી વાત વધારે માનશે. અત્રે નોંધનીય છે કે સોમવારના દિવસે નોર્ધન ગ્રીડમાં ટ્રીપ થતા અભૂતપૂર્વ વીજ કટોકટી ઉભી થઈ ગઈ હતી.

ઉત્તાર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને રાજસ્થાન પર ઓવરડ્રોવિંગ પાવરનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. આ રાજ્યો દ્વારા મર્યાદા કરતા વધારે વીજળી લેવાથી આ સમસ્યા સર્જાઈ હતી. મંગળવારના દિવસે આવી સમસ્યા સર્જાઈ હતી. એ વખતે ઈસ્ટર્ન, નોર્થ ઈસ્ટર્ન ગ્રીડમાં ખામી સર્જાઈ હતી. જેથી ૬૮૪ મિલિયન લોકો અંધારપટ હેઠળ આવી ગયા હતા.

## શેરબજારમાં તેજી ઉપર અંતે બ્રેક : ૩૩ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા. ૨

શેરબજારમાં આજે રક્ષાબંધનના દિવસે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી તેજી પર બ્રેક આવવા માટે ઘણાં કારણો જવાબદાર રહ્યા હતા. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને બેંકીગ શેરોમાં પ્રોફીટ લેવાની સ્થિતી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૩૩ પોઈન્ટ ઘટી ૧૭૨૨૪ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફટી ૧૩ પોઈન્ટ ઘટીને ૫૨૨૮ની સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૦.૨ ટકા અને ૦.૫ ટકાનો સુધારો રહ્યો હતો. એશિયન બજારમાં પણ મંદીનું મોજુ રહ્યું હતું. બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ડેક્ષ હેવીવેઈટ રિલાયન્સ, બેંકેક્ષ, મેટલ અને ઓટો ઈન્ડેક્ષમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. કોલ ઈન્ડિયામાં ૦.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. એસબીઆઈમાં આજે ઉથલપાથલની સ્થિતી રહી હતી. ડીએલએફના શેરમાં ફલેટ સ્થિતી રહી હતી. કંપની મુંબઈમાં તેની મુખ્ય જમીનના વેચાણથી ૩૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે તેવા અહેવાલ આવ્યા બાદ ડીએલએફના શેરમાં



ફલેટ સ્થિતી રહી હતી. એવીએશન અને ઓએમસીમાં સુધારો રહ્યો હતો. મહિનામાં બીજી વખત જેટ ફયુઅલની કિંમતમાં ગઈકાલે વધારો કરવામાં આવ્યો હતો. શેરબજારમાં આજે કારોબાર દરમિયાન ૨૮૧૭ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૫૦૭ શેરમાં તેજી અને ૧૧૮૦ શેરમાં મંદી રહી હતી. સ્પાઈસ જેટના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો થયો હતો. છેલ્લા ચાર કારોબારી સેશનમાં આશરે ૬૨૦ પોઈન્ટનો સુધારો થયા બાદ આજે તેમાં ફરી ઘટાડો થયો હતો અને અંતે સેન્સેક્સમાં ૧૭૨૨૪ની સપાટી જોવા મળી હતી.

## આદર્શ કાંડમાં શિન્દે, દેશમુખની ભુમિકા જાહેર કરવા ઉગ્ર માંગ

મુંબઈ, તા. ૨

ગૃહમંત્રીનું પદ સંભાળ્યાના ગણતરીના કલાકમાં જ પૂણેમાં બોંબ વિસ્ફોટની ઘટના બન્યાના બીજા દિવસે સુશીલકુમાર શિંદે પર બીજી મુશ્કેલી આવી છે. દેશભરમાં ચકચાર મચાવનાર આદર્શ હાઉસીંગ કાંડમાં સુશીલકુમાર શિંદે અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના કેન્દ્રીય મંત્રી વિલાસરાવ દેશમુખ સામે નવી મુશ્કેલી ઉભી થઈ છે. એક સામાજીક કાર્યકરે આદર્શ કૌભાંડ કેસમાં બંનેની કથિત ભૂમિકા તપાસવાનો અહેવાલ સીબીઆઈ રજૂ કરી તેમની સંડોવણીનો ખુલાસો કરે તેવી માંગ એક રીટમાં કરી છે. આદર્શકાંડમાં થયેલ વિવિધ અરજીઓમાંના એક અરજીકર્તા પ્રવિણ વાટેગાંવગરે બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને બંનેની થયેલી પૂછપરછ બાદ તૈયાર કરાયેલ અહેવાલ રજૂ કરી જાહેર કરવા માંગ કરી છે. આ કેસમાં તપાસ કરી રહેલ સીબીઆઈ બંને મંત્રીઓ વિરુદ્ધની તપાસી પ્રગતિ જાહેર કરે અને દેશમુખ સામે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ પગલાં લેવાની પણ માંગ કરી છે.

## પાંચ-વધુ વર્ષની થાપણ ઉપર રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો

મુંબઈ, તા. ૨

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ વ્યાજદરમાં ઘટાડો કર્યા બાદ અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધીને નવી આવાસ અને ઓટોમોબાઈલ લોન લેવા ઈચ્છુક ગ્રાહકોને રાહત આપી શકે છે. એસબીઆઈએ ૭મી ઓગસ્ટથી નવા દર અમલી બનાવવાની જાહેરાત કરી છે. એસબીઆઈએ વ્યાજદર ડિપોજીટ ઉપર ઘટાડ્યા છે પરંતુ બેઝ રેટમાં ઘટાડો કરવા અંગે કોઈ નિર્ણય કર્યો નથી. એસબીઆઈએ ગઈકાલે પાંચ વર્ષ અને તેનાથી વધુની પાકતી મુદતનાં સ્થાનિક ટર્મ ડિપોઝીટ પર વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેટ ૮.૫૦ ટકા કરી દેવામાં આવ્યો હતો. એસબીઆઈએ પાંચ વર્ષની અવધી માટે સ્થાનિક ટર્મ ડિપોઝીટ પર વ્યાજદર ઘટાડવાનો સિલસિલો શરૂ કર્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ બીએસઈ સમક્ષ રજુ કરવામાં આવેલી માહિતીમાં આ મુજબની વાત કરી છે. દેશની સૌથી મોટી બેંક એસબીઆઈ ૧૫ લાખથી ઓછી થાપણ પર ૮.૭૫ ટકાના વ્યાજની ઓફર કરે છે. જ્યારે ૧૫ લાખથી એક કરોડ કરતા ઓછી રકમ પર નવ ટકા વ્યાજદરની ઓફર કરે છે.

પંજાબ નેશનલ બેંકે પણ ડિપોઝીટ પર વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો છે જેથી ડિપોઝીટ પર વ્યાજદર નવ ટકા થયો છે. આ વ્યાજદર એક વર્ષની પાકતી મુદત માટે છે. જેને અમલી બનાવવાનો નિર્ણય બનાવાયો છે. બીએસઈ સમક્ષ એક અલગ રજુઆતમાં પંજાબ નેશનલ બેંકે કહ્યું છે કે એક કરોડથી ઓછી સિંગલ ડોમેસ્ટિક થાપણ પર વ્યાજદર ૮.૭૫ ટકાથી વધારી નવ ટકા એક વર્ષની પાકતી મુદત માટે કરવામાં આવ્યો છે. જ્યારે એનઆરઈ ટર્મ ડિપોઝીટ નવ ટકાના વ્યાજદરમાં રહેશે. એસબીઆઈએ ગઈકાલે હોમ અને ઓટો લોન પર ૦.૫ ટકા સુધી ધિરાણદરમાં કાપ મુક્યો હતો. રિઝર્વ બેંકે તેની પ્રથમ ત્રિમાસીક નાણાંકીય નીતિ સમીક્ષામાં ચાવીરૂપ રેટ યથાવત રાખ્યા હતા. પરંતુ એસએલઆરમાં એક ટકાનો ઘટાડો કરાયો હતો.